Welcare Hospital

we care




## First time in Gujarat

## "New X-3 technology for Hip Replacement, used by Welcare Hospital, Vadodara"

- Article published in Sandesh News Paper on 20th June, 2014

### રાજ્યમાં સૌ પ્રથમ X-3 ટેક્નોલોજીનો વડોદરાની વેલકેર હોસ્પિટલમાં ઉપયોગ

# હિપ રિપ્લેસમેન્ટ સર્જરીથી ૨૬ વર્ષનો કેન્યાનો યુવક ૫ હજાર દિવસ પછી પોતાના પગે ચાલતો થશે



### વાલીદની ૧૩ વર્ષ જૂની સમસ્યા આ સર્જરી સાથે પૂરી થતાં હવે તે સામાન્ય જીવન જીવી શકે છે : ડો.ભરત મોદી

### ધિસ ઈઝ એ મિરેકલ : વાલીદના પિતા

વડોદરા : એક્સ-3 ટકેનોલોજીએ વાલીદને એક નવું જીવન આપ્યું છે. સર્જરીના બે દિવસમાં જ વાલીદને દર્દથી સંપૂર્ણ રાહત થઇ છે. હવે ટૂંક સમયમાં જ તે સ્વતંત્ર રીતે પોતાના પગે ચાલતો થશે, આ સંદર્ભે વાલીદના પિતા સલીમભાઇએ જણાવ્યું હતું કે, ડો.મોદી એન્ડ હીઇઝ ટીમ ડન એક્સટ્રીમલી ગુડ. Aftar 13 years my boy Walid can walk on his own & living a normal life. Well this is a miracle.... **Thank you Dr. Modi**.

વડોદરા, તા.૧૬

શહેરના પશ્ચિમ વિસ્તારની વેલકેર હોસ્પિટલમાં રાજ્યની સૌ પ્રથમ એક્સ-૩ ટેક્નોલોજીના ઉપયોગથી ૨૬ વર્ષના વિદેશી યુવકના હિપ રિપ્લેસમેન્ટની સફળ સર્જરી થઇ હતી. પ્રખ્યાત જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ.ભરત મોદી અને તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલા ઓપરેશનથી પાંચ હજાર કરતા પણ વધુ દિવસો ટેકાના સહારે ચાલતો કેન્યન બોય હવે ટુંક સમયમાં પોતાના પગે ચાલતો થશે.

કેન્યાના મોમ્બાસામાં રહેતો વાલીદ અલી કરમા ૧૪ વર્ષનો હતો ત્યારે પુરઝડપે દોડતી એક ટેક્સીની જોરદાર ટક્કરને પગલે તેના ગળામાં ગંભીર ઇજાઓ સાથે જમણા હિપમાં ફ્રેક્ચર થયું હતું. આ ભયાનક દુર્ઘટનાને પગલે તેનું રોજિંદુ જીવન અસ્તવ્યસ્ત થઇ ગયું, હસતા રમતા વાલીદના પરિવાર પર અચાનક આભ તૂટી પડ્યું હતું. આ અકસ્માત બાદ કેન્યામાં બે વાર વાલીદની સર્જરી થઇ પરંતુ તેમાં જોઇતી સફળતા મળી ન હતી. તેના સાંધાનું હલનચલન તીવ્ર રીતે સીમીત બન્યું અને જમણા હિપમાં તીવ્ર દર્દ અનુભવતો હતો. તદ્ઉપરાંત તેના જમણા પગનો નીચેનો ભાગ ટૂંકો થઇ ગયો હતો. આ સમસ્યાઓને પગલે ફરજિયાત વાલીદને ટેકાના સહારે ચાલવાની નોબત ઊભી થઇ હતી. આ અકસ્માતને કારણે તેની મનગમતી પ્રવૃત્તિઓ પણ બંધ થઇ ગઇ, પોતાના મિત્રો સાથે તે રમી ન શકતો તથા તેના મોજશોખ પણ પુરા કરી શકતો ન હતો.

વાલીદના પિતાને અત્રેની વેલકેર હોસ્પિટલના ચીફ જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ.ભરત મોદીનો રેફરન્સ કેન્યામાં મળતા તે વાલીદને લઇને વડોદરા આવી પહોંચ્યા હતા. આ સંદર્ભે ચીફ જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ.ભરત મોદીએ જણાવ્યું હતું કે, આ કેસ ટેકનિકલ મુશ્કેલીઓ અને અગાઉ થયેલ બે સર્જરી નિષ્ફળ ગઇ હોવાથી પડકારજનક હતો. કારણકે માત્ર ૨૬ વર્ષની ઉંમરના વાલીદને ઉપચાર માટે કૃત્રિમ નિતંબ (હિપ) ગોઠવવાની આવશ્યકતા હતી. હમણા સુધી કૃત્રિમ નિતંબ બનાવવા માટેની સામગ્રી માનવ શરીરમાં ફક્ત ૧૫ વર્ષ ચાલતી હતી. જોકે નવી ટેકનોલોજી સાથે તેનું કૃત્રિમ નિતંબ ૪૦-૫૦ વર્ષ ચાલી શકે છે. સાંધાના પ્રત્યારોપણ સર્જરીમાં આ ક્રાંતિકારી છે, હજારો યુવા દર્દીઓ નિતંબની સમસ્યાને લીધે વિકલાંગ બની જાય છે. ત્યારે આ ટેકનોલોજીને લીધે સંપૂર્ણ સામાન્ય જીવન જીવવાની તેઓ આશા રાખી શકે છે.

વાલીદના કેસમાં અમેરિકાની અગ્રણી તબીબી ઉપકરણ કંપની દ્વારા વિકસિત નવીન એક્સ-૩ ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો. જેમાં ઈમ્પ્લાન્ટને ટકાઉ રાખવા સાથે ઘસારો પણ ઓછો થાય છે. તેમજ આ ઈમ્પ્લાન્ટની આયું લાંબી રહે છે અને સુધારણા સર્જરીની શક્યતા પણ ઓછી રહે છે. ડૉ.મોદીએ ઉમેર્યુ હતું કે, એક્સ-૩ પોલી ઈમ્પ્લાન્ટ સૌ પ્રથમ ઉચ્ચ ક્રોસ-લિંક્ડ પોલીઇથીલીન છે. જે પારંપરિક નિતંબ પ્રત્યારોપણના કિસ્સામાં મુખ્ય ચિંતાઓ દૂર કરે છે. સૌ પ્રથમ ઈમ્પ્લાન્ટમાં ઉપયોગ કરાતું પોલીઇથીલીન નાજુક હોતું નથી, જેને લીધે તે અત્યંત ટકાઉ નીવડે છે. બીજું, પોલીઇથીલીન ઘસારો પણ નોંધનીય રીતે ઓછો કરે છે. જેને લીધે ઈમ્પ્લાન્ટ ઉત્કૃષ્ટ ટકાઉ બની રહે છે. ઈમ્પ્લાન્ટ યુવા દર્દીઓનું ભાવી જીવન જોતાં ઉત્કૃષ્ટ વિકલ્પ નીવડે છે. વાલીદની ૧૩ વર્ષ જૂની સમસ્યા આ સર્જરી સાથે પૂરી થતાં હવે તે સામાન્ય જીવન જીવી શકે છે.